ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

"પર્યાવરણ ભવન", વડી કચેરી
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

પરિપત્ર

વિષય: જોખમી તથા અન્ય કચરાના તેમજ ગંદાપાણીના One Time Disposal માટેની પરવાનગી આપવા અંગેની કાર્યપદ્ધતિમાં સુધારો

સંદર્ભ: બોર્ડનો પરિપત્ર ક્રમાંક: જીપીસીબી/સીસીએ-પીએન-૪૭૪(૨)/૫૧૮૦૭૯, તા. ૨૩/૦૮/૨૦૧૯.

ઔદ્યોગિક એકમો ખાતે કામચલાઉ ઉત્પન્ન થતા કંસેન્ટ ઉપરાંતના જોખમી કચરાના નિકાલ માટે બોર્ડ દ્વારા જોખમી તથા અન્ય કચરા (વ્યવસ્થાપન અને સીમાપાર હેરફેર) નિયમો, 2016 હેઠળ One Time Disposal પરવાનગી આપવામાં આવે છે, જે માટે હાલમાં સંદર્ભિત પરિપત્ર અમલમાં છે. આ પધ્ધતિમાં Digitization ની સાથે સરળીકરણના ભાગરૂપે તેમજ ઝડપથી મંજૂરી મળે તે આશયથી સંદર્ભિત પરિપત્રને રદ કરી નીચે મુજબની પધ્ધતિ અમલમાં આવે છે.

ઔદ્યોગિક એકમો ખાતે કામચલાઉ ઉત્પન્ન થતા કંસેન્ટ ધરાવતા કે ઉપરાંતના જોખમી કચરાના, અન્ય કચરાના કે ગંદાપાણીના Environmentally Sound Disposal માટે One Time Disposal પરવાનગી હાલની સામાન્ય CCA અરજી માટે કરેલ સત્તા સોંપણી પ્રમાણે, XGN માં જે-તે શાખાના વડા મારફતે કરવાની રહેશે.

XGN પોર્ટલમાં આ પ્રકારની પરવાનગી મેળવવા માટે ઔદ્યોગિક એકમે પોતાના XGN Login મારફતે Application Menu માં જઈ, “Correction in Hazardous Waste category / One time Disposal” નામની નવી અરજી જરૂરી આધાર-પુરાવા અને સંબંધિત દસ્તાવેજો સાથે કરવાની રહેશે. સદર અરજી સંબંધિત પ્રાદેશિક અધિકારી (Regional Officer) દ્વારા ચકાસણી કરી સ્વીકાર્યા બાદ નિર્ણયાર્થે XGN પોર્ટલ મારફતે સંબંધિત શાખાના વડા (Unit Head) ને સીધીજ (સ્થળ મુલાકાત વગર) મોકલવાની રહેશે.

One Time Disposal માટેની પરવાનગી આપતી વખતે ગંદા પાણીના કે કચરાના પ્રકાર, જથ્થા, નિકાલની પદ્ધતિ, નિકાલ કરનાર અધિકૃત સુવિધા તથા લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમજ અન્ય ખાસ શરતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

આ કેસોમાં નિકાલ કરનાર ફેસીલીટી પાસે જે-તે ગંદા પાણીના કે કચરાના જથ્થા અને પ્રકાર (Characteristics) પ્રમાણે સ્વીકાર કરીને નિકાલ કરવા માટેની CCA મેળવેલ હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(દિપાલી ટાંક)
સભ્ય સચિવ

નં: જીપીસીબી/એચ.એ.ઝેડ-જન-૬૧૧/ **તા: ઈ-સાઈન મુજબ**

નકલ રવાના:

1. તમામ યુનિટ હેડશ્રી – જરૂરી જાણ તથા અમલ માટે.
2. તમામ પ્રાદેશિક અધિકારીશ્રી – જરૂરી જાણ તથા અમલ માટે.
3. માન. અધ્યક્ષશ્રી / સભ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી – જાણ સારૂ.